
# LEGAL FRAMEWORK FOR PROTECTING COMMON LANDS IN GUJARAT



## ગુજરાતની સામુદાયીક જમીન બચાવવા માટેનું કાયદાકીય માળખુ

**Disclaimer:** There is no copyright on this publication. You are free to share, translate and distribute this material. We request that the source be acknowledged and a copy/link of your reprint, report or translation be sent to the CPR-Namati Environmental Justice Program.

**Research:** Centre for Policy Research-Namati Environmental Justice Program

**Translation:** Vimal Kalavadiya

**Design:** Vani Subramanian

**Print:** Printforce

This research work has been supported by the Duleep Matthai Nature Conservation Trust (DMNCT)

**અસ્વિકૃતિકરણ:** આ સાહિત્યનું ભાષાંતર કરવા, વિતરણ કરવા કે વહેંચણી કરવા માટેની પરવાનગી છે.આપનાં દ્વારા પુન: મુદ્રણ, ભાષાંતર કે અહેવાલમાં નમતીને મુખ્ય સ્ત્રોત તરીકે દર્શાવવુ અને તેની નકલ નમતીને મોકલી આપવા અમારી વિનંતી છે.

**સંશોધન:** સેન્ટર ફોર પોલીસી રીસર્ચ -નમતી એન્વાયર્નમેન્ટલ જસ્ટીસ પ્રોગ્રામ

**અનુવાદ:** વીમલ કાલાવડીયા

**ડીઝાઇન:** વાણી સુબ્રમણ્યમ

**મુદ્રક:** પ્રીન્ટ ફોર્સ

આ સંશોધન કાર્ય દૂલીપ મથ્થાઇ નેચર કન્ઝર્વેશન ટ્રસ્ટ ( ડી.એમ.એન.સી.ટી. ) દ્વારા સહાયતા પ્રાપ્ત છે

# LEGAL FRAMEWORK FOR PROTECTING COMMON LANDS IN GUJARAT

## ગુજરાતની સામુદાયીક જમીન બચાવવા માટેનું કાયદાકીય માળખુ

# સામુદાયીક એટલે શું?



સામુદાયીક, કે સામુદાયીક સંપતી સ્ત્રોતનો ઉપયોગ લોકોનાં સમુહની માલિકી નીચે રહેલા વિસ્તારને સમજવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. આ વિસ્તારોનો વિવિધ ઉપયોગ હોય શકે છે, જેવા કે સામુદાયીક ચરિયાણ, સામુદાયીક વન, મત્સ્ય સુકવણી અને પ્રક્રીયા, કૃષી વાવેતર, સ્મશાન, જળસ્ત્રોત નિકાલ, ગ્રામીણ તળાવ, નદીઓ, વોકળાઓ તેવી જ રીતે તેનાં કીનારાઓ અને પટ સહીતનાનો સમાવેશ થાય છે.

કાયદેસર રીતે  સી.પી.આર. વ્યક્તિગત માલિકીથી વિપરીત એક જુથની ખાનગી માલીકી તરીકે જ સંદર્ભમાં લેવામાં આવે છે. અત્યાર સુધી સામુદાયીક વિસ્તારો સમુદાયોનાં તાબામાં તેમજ ઉપયોગમાં હતા, અને તેનાં માટેનાં અધિકારો સ્પષ્ટ રીતે વ્યાખ્યાયીત કરવામાં આવેલ છે. જો કે, સરકારની નિતીનાં કારણે આ માલીકી કે ઉપયોગ કરવાનો અધિકાર ઘટાડી, હસ્તગત  કે નાબૂદ કરી શકાય છે.પરિણામ સ્વરૂપે સામુદાયીક કે સી.પી.આર. જાહેર વાતચીતમાં "ઉપસ્થિત અસ્પષ્ટ અધિકારોની કક્ષામાં"[૧] જોવામાં આવે છે, જે સ્પષ્ટ કરવા કે વ્યાખ્યાયીત કરવુ જરૂરી છે.

આ માહિતી સંદર્ભમાં, અમો મુખ્યત્વે જમીન આધારીત સામુદાયીકોની વાત કરીએ છીએ.



૧ ચોપરા, કંચન. ૨૦૦૧ . વેસ્ટલેન્ડ એન્ડ કોમન પ્રોપર્ટી લેન્ડ રીસોર્સીસ સેમીનાર http://www.india-seminar.com/2001/499/499%20kanchan%20chopra.html ; માહિતી ફેબ્રુઆરી,૩ ૨૦૧૮નાં મેળવવામાં આવી.

# What are commons?



Commons, or Common Property Resources (CPR) are used interchangeably to understand areas that are under use or ownership of groups of people. These areas can have a variety of uses including community pastures, community forests, fish drying and processing, lands used for agricultural foliage, burial grounds, watershed drainages, village ponds, rivers, rivulets as well as their banks and beds.

Legally CPRs have been referred to as private property for a group, in contrast to an individual. Till the time common areas were in possession of communities and in use, the rights to these were clearly defined. However, over a period of time these use or ownership rights could have eroded, acquired or extinguished due to government policy. As a result, today commons or CPRs are being viewed in general parlance as a "category on which ambiguous rights exist"[1], that would need to be clarified or defined.

In this information tool, we are largely dealing with land based commons.

1 Chopra, Kanchan.2001. Wastelands and Common property land resources Seminar. http://www.india-seminar.com/2001/499/499%20kanchan%20chopra.html accessed on February 3, 2018.



## How are common lands recognised in Gujarat?

### What are their uses, and which institutions are responsible for their administration? [2]

## ગુજરાતમાં સામુદાયીક જમીનોની ઓળખ કેવી રીતે કરવામાં આવે છે?

### તેની ઉપયોગીતા શું છે અને તેનાં વહિવટીકરણ માટે કઈ સંસ્થાઓ જવાબદાર છે? [૨]


2 Bharwada, C., & Mahajan, V. (n.d.). Quiet Transfer of Commons Pastoralism, Shrinking Pastures and the new GR in Gujarat. Retrieved from http://admin.indiaenvironmentportal.org.in/files/Quiet Transfer of Commons - final.pdf;
Mehta, Dhawal, The Vidis of Saurashtra, in Ecology and Management of Grassland habitats in India, Edition: ENVIS Bulletin: Wildlife and Protected AreasEditors: G.S. Rawat and B.S. Adhikari

૨ ભરવાડા.સી. એન્ડ મહાજન .વી.(એન.ડી.), સામુદાયીક પશુપાલનનું શાંતિપૂર્વકનું પરિવહન, ગુજરાતમાં ચરિયાણમાં ઘટાડો અને નવા જી.આર., http://admin.indiaenvironmentportal.org.in/files/Quiet Transfer of Commons - final.pdf; પરથી મેળવવામાં આવેલ;
મેહતા , ધવલ,ધ વીડીઝ ઓફ સૌરાષ્ટ્ર, ઇન ઇકોલોજી એન્ડ ઇકોલોજી એળડમેનેજમેન્ટ ઓફ ગ્રાસલેન્ડ હેબીટેટસ ઇન ઇન્ડીયા, એડીશન: એન્વીસ બુલેટીન : વાઇલ્ડ લાઇફ એન્ડ પ્રોટેક્ટેડ એરીયાઝ એડીટર : જી.એસ.રાવત એન્ડ બી.એસ.અધિકારી

| સામુદાયીકનાં પ્રકારો | વર્ણન / ઉપયોગીતાઓ | જવાબદાર સંસ્થાઓ | | |
|---|---|---|---|---|
| | | રાજ્ય | જીલ્લો કે મહાનગરપાલીકા | તાલુકો અને ગામ |
| *ગૌચર* | કાયમી ગૌચરોનો ઉપયોગ ચરિયાણ માટે કરવામાં આવે છે | રેવન્યુ ડીપાર્ટમેન્ટ | જીલ્લા કલેક્ટર | - મામલતદાર<br>- પંચાયત |
| *વીડી ઓ* | - ચરિયાણ માટે છૂટી છવાઇ વનસ્પતી વાળી ચરિયાણ જમીન.<br>- ઉત્પાદન ક્ષમતાનાં આધારે , જે વિડીઓ વાર્ષિક ૯૩,૦૦૦ કી.ગ્રા. ઘાંસ ઉત્પાદન કરે છે તેને બિન-અનામત વિડીઓ તરીકે અને જે તેનાથી ઓછુ ઉત્પાદન કરે છે તેને અનામત વીડી તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. | પ્રીન્સીપલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (પી.સી.સી.એફ.) | ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (સી.સી.એફ.) | ડીવીઝનલ ફોરેસ્ટ ઓફીસર (ડી.એફ.ઓ.) |
| *પડતર* | સરકારની માલીકીની ખુલ્લી ખરાબાની જમીન | રેવન્યુ વિભાગ | ડી.સી. | મામલતદાર |
| *બેટ* | ખુલ્લા સ્થાનિય ઘાંસના મેદાનો | પી.સી.સી.એફ. | સી.સી.એફ. | ડી.એફ.ઓ. |
| ચેર | ચેરીયાઓ અને મુખ્ય જમીની જંગલ | પી.સી.સી.એફ. | સી.સી.એફ. | ડી.એફ.ઓ. |



| TYPE OF COMMONS | DESCRIPTION/ USES | RESPONSIBLE INSTITUTIONS | | |
|---|---|---|---|---|
| | | STATE | DISTRICT OR MUNICIPALITY | BLOCK AND VILLAGE |
| *Gauchar* | Permanent pastures used for the purpose of grazing. | Revenue Department | District Collector (DC) | - Tahasildar<br>- Taluka Panchayat |
| *Vidis* | - Sparsely vegetated grasslands used for grazing.<br>- Based on the production capacity, vidis producing up to 93,000 kg of grass per annum were classified as non-reserved vidis and the ones producing less were classified as reserved vidis. | Principal Chief Conservator of Forests (PCCF) | Chief Conservator of Forests (CCF) | Divisonal Forest Officer (DFO) |
| *Padtar* | Open wastelands owned by the government. | Revenue Department | DC | Tahasildar |
| *Bets* | Open and inland grasslands. | PCCF | CCF | DFO |
| Cher | Mangroves and mainland forests. | PCCF | CCF | DFO |



## Which national laws have a bearing on the commons?

## સામુદાયીકો અંગે ક્યા રાષ્ટ્રીય કાયદાઓ પકડ ધરાવે છે?

## આદી જાતી અને પરંપરાગત વનવાસીઓ (વન અધિકાર ઓળખ) અધિનીયમ, ૨૦૦૬

| સામાન્ય રીતે ઓળખાય છે | વન અધિકાર અધિનીયમ (એફ.આર.એ.) |
|---|---|
| **કાયદાનો ઉદ્દેશ્ય** | પરંપરાગત વનવાસીઓએ જેનાંથી સહન કરવુ પડયુ છે તે ઐતિહાસીક અન્યાયને સુધારવા અને પરંપરાગત વનવાસીઓનાં અધિકારોની ઓળખ અને સુપ્રત કરી પારિસ્થિતીકીય સંતુલનનાં સંરક્ષણ કરવા માટે અધિનીયમનું ઘડતર. |
| **સામુદાયીક વન સ્ત્રોતની વ્યાખ્યા (સી.એફ.આર.)** | • ગામડાઓની પરંપરાગત સીમાઓમાં રહેલ સામુદાયીક વન જમીન કે ચરવાહા સમુદાય દ્વારા મોસમી ઉપયોગ થતો ભુભાગ<br>• રિઝર્વ ફોરેસ્ટ , સંરક્ષીત ફોરેસ્ટ અને સંરક્ષીત વિસ્તારો જેમાં પરંપરાગત પ્રવેશ હોય. |
| **ઉપલબ્ધ અધિકારો** | • રક્ષણ<br>• પુનર્જનન<br>• સંરક્ષણ<br>• વ્યવસ્થાપન<br>} સી.એફ.આર.નાં કે જે પરંપરાગત રીતે રક્ષીત કે સંરક્ષીત કરવામાં આવેલ હોય. |
| **અધિકારો સુપ્રત કરવા માટેની પ્રક્રીયા** | • અધિકારોનાં પ્રકાર અને મર્યાદા નિર્ધારીત કરવુ<br>• સી.એફ.આર.ની ખાત્રી કરવી<br>• ખરાઇ પૂર્ણ થયા બાદ સામાન્ય ઠરાવ પસાર કરવો<br>• ગ્રામસભા દ્વારા અંતિમ મંજૂરી |

## THE SCHEDULED TRIBES AND OTHER TRADITIONAL FOREST DWELLERS (RECOGNITION OF FOREST RIGHTS) ACT, 2006

| COMMON NAME | THE FOREST RIGHTS ACT (FRA) |
|---|---|
| **Purpose of the Act** | An enactment to correct the historical injustice suffered by traditional forest dwellers and protecting the ecological balance in forests by recognising and vesting certain rights for the traditional forest dwellers. |
| **Definition of a Community Forest Resource (CFR)** | • Common Forest Land, which is situated within traditional boundaries of villages or in the seasonal use of landscape of a pastoral community.<br>• It includes reserve forests, protected forests and protected areas to which there existed traditional access. |
| **Available Rights** | • Protection<br>• Regeneration<br>• Conservation<br>• Management<br>} of CFRs which have been traditionally protected or conserved by them. |
| **Procedure for vesting of rights** | • Determination of the nature and extent of the rights<br>• Verification of the CFRs<br>• Passing of a common resolution after the verification is complete<br>• Final approval by the Gram Sabha |

| અન્ય કાયદાઓ | | OTHER RELEVANT LAWS | |
|---|---|---|---|
| **કોસ્ટલ રેગ્યુલેશન ઝોન (સી.આર.ઝેડ.) નોટીફીકેશન, ૨૦૧૧** | સી.આર.ઝેડ. નોટીફીકેશનમાં દરેક રાજ્ય કોસ્ટલ ઝોનલ મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરે તે જરૂરી છે જેમાં માછીમાર સમુદાયની સામુદાયીક સંપતીઓ સ્પષ્ટ રીતે સીમાંકીત કરવામાં આવેલી હોવી જોઇએ. | **THE COASTAL REGULATION ZONE (CRZ) NOTIFICATION, 2011** | The CRZ Notification requires States to prepare Coastal Zonal Management Maps in which the common properties of fishing communities must be clearly demarcated. |
| **રાઇટ ટુ ફેઇર કમ્પેન્સેશન એન્ડ ટ્રાન્સ્પરન્સી ઇન લેન્ડ એક્વીઝીશન, રીહેબીલીટેશન એન્ડ રીસેટલમેન્ટ (આર.એફ.સી.એલ.એ.આર.આર.) એક્ટ, ૨૦૧૩** | આર.એફ.સી.એલ.એ.આર.આર. મુજબ જે વિસ્તારમાં જમીન સંપાદીત થવાની હોય ત્યાં સોસીયલ ઇમ્પેક્ટ એસેસમેન્ટ (એસ.આઇ.એ.) થવુ જરૂરી છે.<br>એસ.આઇ.એ. કરવામાં આવે ત્યારે સામુદાયીક સંપતીઓ કે જેને અસર થઇ શકે છે તેની હદની વિગતો સહિત તેમાં સામેલ કરવુ જોઇએ.<br>કાયદા મુજબ પુનર્વસન અને પુન:સ્થાપન યોજના પણ તૈયાર કરવી જરૂરી છે.<br>યોજના ઘડવામાં આવી રહી હોય ત્યારે ઉપયોગમાં લેવાતા સી.પી.આર.ની માહિતી સ્પષ્ટ કરવી જરૂરી છે. | **THE RIGHT TO FAIR COMPENSATION AND TRANSPARENCY IN LAND ACQUISITION, REHABILITATION AND RESETTLEMENT (RFCTLARR) ACT, 2013** | The RFCTLARR requires a Social Impact Assessment (SIA) to be carried out in the area where land is to be acquisitioned.<br>While carrying out the SIA, details of the extent of common properties likely to be affected must be included.<br>As per the Act, a Rehabilitation and Resettlement Scheme is also required to be prepared.<br>While preparing the scheme, details of any CPRs being used must be specified. |
| **ધ પંચાયત એક્સ્ટેન્સન ટુ સીડયુલ્ડ એરીયા (પી.ઇ.એસ.એ.) એક્ટ, ૧૯૯૬** | પી.ઇ.એસ.એ. એક્ટ , લોકોનાં સામુદાયીક સ્ત્રોતોનું રક્ષણ કરવા માટે ગ્રામસભાને સશક્ત બનાવે છે.<br>નાના જળસ્ત્રોતો અને પંચાયત પાસે રહેલી ગ્રામીણ બજારોનાં આયોજન અને વ્યવસ્થાપન | **THE PANCHAYATS EXTENSION TO SCHEDULED AREAS (PESA) ACT, 1996** | The PESA Act, empowers the Gram Sabhas to safeguard the community resources of the people.<br>The planning and management of minor water bodies and village markets lie with the Panchayats. |



## Which state laws have a bearing on the commons?

## સામુદાયીકો અંગે ક્યા રાજ્ય સ્તરિય કાયદાઓ પકડ ધરાવે છે?

| સામુદાયીક માટેનો ભય / સામુદાયીકને અવરોધતી સમસ્યાઓ | ઉપસ્થિત કાયદાઓ | જવાબદાર સંસ્થાઓ | સંસ્થાઓની સત્તાઓ અને કાર્યો |
|---|---|---|---|
| **સામુદાયીક સંરક્ષણ** | બોમ્બે લેન્ડ સ્કીમ એક્ટ , ૧૯૪૨ | યોજનાનાં ઘડતર અને અમલીકરણ માટે બોર્ડ સ્થાપવામાં આવે છે. બોર્ડમાં સમાવેશ કરવામાં આવે છે:<br>- જીલ્લા કલેક્ટર;<br>- જીલ્લા કૃષી અધિકારી<br>- વિભાગીય જમીન સંરક્ષક અધિકારી;<br>- રાજ્ય સરકાર દ્વારા નિમવામાં આવેલા ૨ બિન-સરકારી સભ્યો | બોર્ડ પાસે નીચેના માટેની સુધારાત્મક યોજનાં ઘડવા માટેની સત્તા છે.<br>- પાણી પૂરવઠા માટે કૂવાઓ અને ટાંકાઓનાં બાંધકામ અને સુધારણા<br>- ચરિયાણ પર પ્રતિબંધ અને / અથવા નિયંત્રણ |
| **દબાણ હટાવવા**<br>(અહી દબાણનો સંદર્ભ મોટા ખાનગી વ્યક્તિ અને વ્યાવસાયીક ઉધમો દ્વારા જમીનનો બિનસતાવાર કબજા સાથે છે. તેમ છતા પણ શબ્દનો દુરૂપયોગ કરીને જમીનનાં અધિકૃત ઉપયોગ કર્તાઓને દબાણ કર્તા ઘોષીત કરીને દૂર કરવામાં આવ્યા , જે જગપાલસીઘ કેસમાં આવેલ નિર્ણયનાં હેતુનાં વિરુધમાં ગયુ. ) | બોમ્બે લેન્ડ રેવન્યુ કોડ,૧૮૭૯ અને ગુજરાત લેન્ડ રેવન્યુ રુલ્સ, ૧૯૭૨<br><br>ગુજરાત મહા નગરપાલીકા અધિનીયમ,૧૯૬૩<br><br>ગુજરાત પંચાયત ધારો,૧૯૯૩ | જીલ્લા કલેક્ટર<br><br>મહાનગરપાલીકા ચીફ ઓફીસર<br><br>ગ્રામ પંચાયત | જમીન પર બિનઅધિકૃત કબજા માટે દંડ કરવાની સત્તા રહેલી છે. બિનઅધિકૃત કબજો જમાવનારને તુરંત જગ્યામાંથી ખદેડી શકાય અને તેને દૂર કરવા માટેનો ખર્ચ કબજો કરનાર દ્વારા કરવાનો રહેશે.<br><br>નગરપાલીકા વિસ્તારમાં જો કોઇ વ્યક્તિ બિનઅધિકૃત રીતે જાહેર સ્થળ કે ખુલ્લી જગ્યા પર અતિક્રમણ કરે તો તેને રૂા. ૫૦ નો દંડ થઇ શકે છે જે દરોજનાં રૂા. ૧૦ લેખે જ્યાં સુધી અતિક્રમણ દૂર કરવામાં ના આવે ત્યાં સુધી વધારી શકાય છે.<br>ચીફ ઓફીસરને પાસે પણ આવા અંતરાયો કે અતિક્રમણ દૂર કરવા અને અતિક્રમણ કરનાર પાસેથી તેને દૂર કરવા માટેનો ખર્ચ વસુલવા માટેની સત્તા છે.<br><br>ગામની સિમામાં , જો કોઇ અંતરાયો હોય કે જાહેર રાહ પર અતિક્રમણ કરવામાં આવેલ હોય , તો કબજો કરનાર આવા વ્યક્તિ પાસેથી એક સમયે અચોક્કસ રકમ અને જ્યારે અતિક્રમણ હોય ત્યાં સુધી રૂા. ૨૫ પ્રતિ દીવસ લેખે દંડ કરવામાં આવશે.<br>ગ્રામપંચાયત પાસે દબાણ કરનારને નોટીસ આપી આવા અંતરાયો કે દબાણો દૂર કરવા માટેની સત્તા રહેલી છે. |

| THREAT TO THE COMMONS/ ISSUES PERTAINING TO THE COMMONS | AVAILABLE LAWS | RESPONSIBLE INSTITUTIONS | POWERS AND FUNCTIONS OF THE INSTITUTIONS |
|---|---|---|---|
| **CONSERVATION OF COMMONS** | Bombay Land Schemes Act, 1942 | A Board set up to prepare and execute the schemes. The Board consists of:<br>- District Commissioner;<br>- District Agricultural Officer;<br>- Divisional Soil Conservation Officer;<br>- Two non-official members appointed by the State Government. | The Board has the power to make improvement schemes on the following:<br>• Construction and improvement of wells and tanks for supply of water.<br>• Prohibition and/or control of grazing. |
| **REMOVAL OF ENCROACHMENTS**<br>(Encroachment here refers to the unauthorised occupation of lands by large private players and commercial enterprises. The term however has been misused at times and rightful users of the land have been removed from their lands by being labelled as encroachers, which goes against the spirit of what was laid down in the Jagpal Singh decision.) | Bombay Land Revenue Code, 1879 and Gujarat Land Revenue Rules, 1972<br><br>Gujarat Municipalities Act, 1963<br><br>Gujarat Panchayat Act, 1993 | District Collector<br><br>Chief Officer of the Municipality<br><br>Gram Panchayat | The District Collector has the power to charge penalties for the unauthorised occupation of land. The unauthorised occupiers of the land may be summarily evicted from the premises and the cost for their eviction has to be borne by the occupiers themselves.<br><br>In a municipal borough, any person who without authority causes any obstruction or encroaches on to any public place or open site, the person will be punished with a fine of Rs. 50 which can extend up to Rs. 10 per day till the encroachment is not removed.<br>The Chief Officer also has the power to remove the obstructions or encroachments and recover the cost for the same from the occupier of the land.<br><br>Within the limits of a village, if there is any obstruction or encroachment of public streets or open spaces, the person occupying such lands will be punished with a one time fine of an unspecified amount and a recurring amount of Rs. 25 per day while the encroachment exists.<br>The Gram Panchayat also has the power to remove the obstruction or encroachment after serving a notice to the occupier. |

# અતિક્રમણની કાળજી પૂર્વકની ખાત્રી કરવા માટેની અગત્યતા શું છે?

લાંબા સમયથી થઇ રહેલ અતિક્રમણની કાળજીપૂર્વકની ખાત્રી માટેની અગત્યતા :

- જમીન રેકોર્ડ વ્યવસ્થિતપણે નિભાવવામાં આવેલ ના હોય  અને વાંધામાં રહેલી જમીનની માલીકીની ખાત્રી કરવી મૂશ્કેલ હોય .
- એક જ જમીન માટે એક કરતા વધારે દાવાઓ હોય .
- હકદાર ઉપયોગ કરનારને પણ અતિક્રમણકારી ગણીને તેમને તેમની જમીન પરથી ખદેડી શકાય  છે.





# What is the need to carefully ascertain encroachments?



The need to carefully ascertain encroachments arises since:

- The land records are not maintained very well and it is difficult to ascertain the ownership of the land in question.
- There are often more than one claims with respect to a particular piece of land.
- The rightful users of the land can also be labelled as encroachers and alienated from their lands.

## WHAT IS THE SIGNIFICANCE OF THE SUPREME COURT'S JUDGEMENT OF JAGPAL SINGH & ORS V. STATE OF PUNJAB & ORS?

In this case, certain houses had been constructed by private individuals on a village pond which had been approved by the local panchayat. When the District Commissioner found that the village pond was being used to provide water for the cattle, he directed that the private individuals be evicted from the land. These individuals filed a Special Leave Application before the Supreme Court after a Writ Petition was dismissed by the High Court of Punjab and Haryana.

The two judge bench of Justice Markandey Katju and Justice Gyan Sudha Mishra recognised that common village lands were being encroached upon by private individuals and there was thus a need to remove all the existing encroachments and ensure that such encroachments were not regularised.

## QUOTES FROM THE JUDGEMENT

"The protection of the common rights of the villagers were so zealously protected that some legislation expressly mentioned that even the vesting of property with the State did not mean that the common rights of villagers were lost by such vesting."

"In many states Government orders have been issued by the State Government permitting allotment of Gram Sabha land to private persons and commercial enterprises on payment of some money. In our opinion all such Government orders are illegal, and should be ignored."

"In this connection we wish to say that our ancestors were not fools. They knew that in certain years there may be droughts or water shortages for some other reason, and water was also required for cattle to drink and bathe in etc. Hence they built a pond attached to every temple, etc. These were their traditional rain water harvesting methods, which has served them for thousands of years."

"Regularisation should only be permitted in exceptional cases e.g. where lease has been granted under some Government Notification to landless labourers or members of Scheduled Castes/Tribes, or where there is already a school, dispensary or other public utility on the land."

## જગપાલ સીઘ અને અન્યો વિ. પંજાબ રાજ્ય અને અન્યોમાં સુપ્રીમકોર્ટનાં ચૂકાદાની મહત્વત્તા?

આ કેસમાં એક વ્યક્તિ દ્વારા ગામનાં તળાવ પર અમૂક મકાનોનું બાંધકામ કરવામાં આવેલુ જેની પરવાનગી ગ્રામ પંચાયત દ્વારા આપવામાં આવેલી. જ્યારે જીલ્લા કમીશ્નરનાં ધ્યાનમાં આવ્યુ કે આ તળાવનો ઉપયોગ પશુઓને પાણી પીવા માટે થાય છે ત્યારે, તેમણે ખાનગી વ્યક્તિને જમીન પરથી ખસી જવા માટે દીશાનિર્દેશ કર્યો.આ વ્યક્તિ દ્વારા પંજાબ અને હરિયાણા હાઇકોર્ટ દ્વારા રીટ પીટીશન નકારાયા બાદ સુપ્રીમ કોર્ટમાં સ્પેશીયલ લીવ એપ્લીકેશન દાખલ કરવામાં આવી.

માર્કન્ડેય કાત્જુ અને જસ્ટીસ જ્ઞાનસુધા મીશ્રાની બે જજોની બેન્ચ દ્વારા એ નક્કી કરવામાં આવ્યુ કે ગ્રામીણ જાહેર જમીન પર ખાનગી વ્યક્તિ દ્વારા અતિક્રમણ કરવામાં આવેલ છે અને આ સંપૂર્ણ ઉપસ્થિત અતિક્રમણને દુર કરવુ અને એની ખાત્રી કરવી કે આવા કોઇ અતિક્રમણને નિયમીત કરવામાં આવેલ નથી તે જરૂરી છે .

## ચૂકાદા પરથી અવતરણ

''ગ્રામીણ લોકોનાં સામુદાયીક અધિકારોનું રક્ષણ ખૂબજ ઉત્સાહપુર્વક રક્ષીત કરવામાં આવેલુ જેમ કે કેટલાક કાયદાઓમાં સ્પષ્ટ પણે ત્યાં સુધી ઉલ્લેખ કર્યો છે કે રાજ્યોને કરવામાં આવેલી સંપતીની સોંપણીનો મતલબ એ નથી કે આવી સોંપણીથી ગ્રામીણ લોકોનો સામુદાયીક અધિકાર નાબૂદ થાય છે.''

''ઘણા રાજ્યોમાં રાજ્ય સરકારો દ્વારા ગ્રામસભાની જમીનો ખાનગી વ્યક્તિઓ અને વ્યાવસાયીક એકમોને અમૂક રૂપીયાની વસુલાત કરીને ફાળવણી કરવા માટેનાં સરકારી હુકમો કરવામાં આવેલા છે .અમારા મંતવ્યમાં આવા દરેક હુકમો ગેરકાયદેસર છે , અને તેને નકારવા જોઇએ.''

''આના સંબંધમાં અમો કહેવા માંગીએ છીએ કે આપણા પૂર્વજો મૂર્ખ ના હતા .તેઓ જાણતા હતા કે અમુક વર્ષોમાં દૂષ્કાળ કે અન્ય કારણોથી પાણીની તંગી સર્જાઇ શકે છે, અને પાણી પશુનાં પીવા , નહાવડાવવા વગેરે માટે ઉપયોગી હતુ.આથી તેઓએ દરેક મંદીરની પાસે તળાવ બનાવ્યા વગેરે. આ તેઓની વરસાદી પાણી સંગ્રહ પદ્ધતિ હતી, જેણે તેમને હજારો વર્ષો સુધી સુવિધા પુરી પાડી''

નિયમિતકરણ માત્ર અપવાદરૂપ બાબતો જેવી , કે સરકારી નોટીફીકેશન અંતર્ગત ઘરવિહોણા મજૂરો કે આદીજાતી/આદીવાસી સભ્યો , કે જ્યાં પહેલાથી જ શાળા અસ્તિત્વમાં છે કે જમીન પર અન્ય જાહેર સુવિધાઓ જેવી બાબતોમાં જ પરવાનગી આપવી જોઇએ.

## સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા દીશા નિર્દેશો?

- રાજ્ય સરકારોને ગ્રામસભાની જમીનો પરનાં બિનઅધિકૃત કબજાઓ હટાવવા સુનિશ્ચિત કરવુ અને તે જમીનો ગ્રામસભાને પરત કરવાનો નિર્દેશ કર્યો.
- રાજ્ય સરકારોને અતિક્રમણ દૂર કરવા માટેની યોજનાઓ તૈયાર કરવા માટે નિર્દેશ કરવામાં આવ્યો.

માટેની યોજના

- જડપી દબાણ હટાવવુ, કારણ દર્શક નોટીસ આપ્યા બાદ, સંક્ષીપ્ત સુનાવણીને અનુસરીને .
- લાંબા સમયથી કબજો/ બાંધકામ મોટો ખર્ચ / રાજકીય દબાણ આવા અતિક્રમણનાં નિયમતીકરણ માટેની પરવાનગીનાં કારણો ના હોવા જોઇએ.
- જેમાં મોટા પ્રમાણમાં જાહેર હીત સમાયેલ હોય તેવા અપવાદરૂપ કેસમાં જ નિયમતીકરણની પરવાનગી આપવી જોઇએ.
- રાજ્ય સરકારોએ સમય પર અનુપાલન અહેવાલ સુપ્રીમકોર્ટને રજુ કરવાનો નિર્દેશ કરવામાં આવ્યો.

## WHAT DIRECTIONS DID THE SUPREME COURT GIVE?

- The State governments were directed to ensure the eviction of unauthorised occupants of Gram Sabha lands and the restoration of those lands to the Gram Sabhas.
- The States were directed to prepare schemes by way of which the eviction was to be done.

  The schemes were to provide for:

  - Speedy “Evictions”, after issuing a show cause notice followed by a brief hearing.
- Long durations of occupation/ huge expenditures in constructions/ political clout should not be reasons to permit the regularisation of the encroachments.
- Regularisation should be allowed in exceptional cases where a larger public interest is at hand.
- The States were also directed to submit compliance reports from time to time to the SC.

## ગુજરાત પર ચૂકાદાની શું અસર થઇ?



ગુજરાત રાજ્ય એ દેશની કેટલીક વિશાળ કંપનીઓનું ઘર છે, અને તેમાંથી ઘણી બધી સી.પી.આર.નાં કીનારે આવેલી છે. ગૌચર જમીન અને અન્ય ગ્રામીણ સામુદાયીક જમીનો ઘણા પ્રસંગોએ ખાનગી વ્યક્તિઓ કે ઉદ્યોગોને આપી દેવામાં આવી છે. જગપાલ સીઘ ચૂકાદાથી ગુજરાતમાં હાઇકોર્ટમાં અમુક જમીનો પર થયેલ અતિક્રમણોનાં વિરોધમાં થનારી જાહેર હીતની અરજીઓ માટે માર્ગ મોકળો થઇ ગયો.પરિણામ સ્વરૂપે ગુજરાત હોઇકોર્ટ દ્વારા પણ ગુજરાત સરકારને ગૌચર જમીન માટે કાર્યક્ષમ નિતી ઘડવા માટેનો નિર્દેશ કરવામાં આવ્યો. આમ , આ ચૂકાદો એ ગુજરાતનાં લોકો માટે તેમની સામુદાયીક જમીનો પર થયેલ ગેરકાયદેસર કબજાઓની વિરુધમાં લડવા માટેનું સાધન બની ગયુ.

## WHAT IMPLICATIONS DID THE JUDGEMENT HAVE ON GUJARAT?



The state of Gujarat is home to some of the biggest industries in the country and a lot of those industries have come at the cost of CPRs. Gauchar land and other village common lands have been given away on many occasions to private players and commercial industries. The Jagpal Singh judgement paved way for a number of public interest litigations to be filed in the Gujarat High Court against encroachments on such lands. As a result, the Gujarat High Court even gave directions to the Gujarat government to put together a workable policy for gauchar land. Thus, the judgement became a tool for the people of Gujarat to fight against such illegal occupations on their common lands.

## સુપ્રીમકોર્ટનાં નિદેર્શનાં જવાબમાં ગુજરાત દ્વારા શું પગલા લેવામાં આવ્યા?

જગપાલસીઘ ચુકાદાનાં પ્રત્યુતરમાં, ગુજરાત દ્વારા નીચે મુજબ પગલા લેવામાં આવ્યા:

**નવો વહીવટી હુકમ**

**ડેવલોપમેન્ટ કમીશ્નર દ્વારા પરિપત્ર જારી કરવામાં આવ્યો (૦૪.૦૩.૨૦૧૧)** :પરિપત્ર, ‘‘ગૌચર સહીતની જમીન પરથી અતિક્રમણ દૂર કરવા નિમીત‘‘, ગુજરાત પંચાયતીરાજ અધિનીયમ ૧૯૯૩નાં સેકશન ૧૦૫માં સમાવિષ્ટ છે તેનું પુનરાવર્તન. તે ગ્રામપંચાયતને બિનઅધિકૃત બાંધકામ કે બિનઅધિકૃત પાકને ગૌચર જમીન પરથી દૂર કરવા માટેની સત્તા આપે છે.

## WHAT ACTION HAS GUJARAT TAKEN IN RESPONSE TO THE SUPREME COURT’S DIRECTIONS?

In response to the Jagpal Singh judgement, Gujarat has taken the following action:

**New Administrative Orders:**

**Circular issued by the Development Commissioner (04.03.2011):** The circular, “Removal of Encroachments on land vested including Gauchar”, re-iterates what is contained in Section 105 of the Gujarat Panchayat Raj Act of 1993. It gives the Gram Panchayat the power to remove any unauthorised constructions or unauthorised crops from Gauchar lands.

## સામુદાયીકનાં રક્ષણ માટે શું ગુજરાત હોઇકોર્ટનાં કોઇ ચૂકાદાઓ છે?

### i. ચૌધરી લક્ષ્મણભાઇ પાર્થીભાઇ વિ. સ્ટેટ ઓફ ગુજરાત (ડબલ્યુ.પી.(પી.આઇ.એલ.) નં.૧૫૫ ઓફ ૨૦૧૧):

બનાસકાંઠાનાં ગામવાસી દ્વારા જાહેર હીતની અરજી કરવામાં આવેલી .ગ્રામલોકોએ દાવો કરેલો કે ગામનાં સરપંચ મુક્તેશ્વર રીઝર્વોઇર પ્રોજેક્ટના કારણે જેમણે જમીન ગુમાવી છે તેમને ગેરકાયદેસર રીતે ગૌચરનો કેટલોક હીસ્સો ફાળવ્યો છે. કોર્ટનું મંતવ્ય હતુ કે કાયદો અમુક અપવાદરૂપ બાબતોમાં ગૌચર જમીન બિન-આરક્ષીત કરવાની પરવાનગી આપે છે અને પંચાયતની મંજુરીની જરૂરીયાત ત્યારે જ છે જો જમીન એ ગામની સામુદાયીક જમીન હોય સરકારની જમીનમાં નહી આમ કોર્ટ દ્વારા અરજીનો નિકાલ કરવામાં આવ્યો.

કોર્ટનું અવલોકન રહ્યુ કે રાજ્ય સરકાર દ્વારા ગૌચર જમીન સંબંધીત બનાવવામાં આવેલી કોઇ નિતીનું પાલન કરવાની જરૂરીયાત છે અને નિતી કાર્યક્ષમ અને અમલમાં મૂકી શકાય તેવી હોવી જોઇએ.

### ii. રહીમભાઇ કાળુભાઇ વિ. સ્ટેટ ઓફ ગુજરાત (ડબલ્યુ.પી. (પી.આઇ.એલ.) નં.૧૦ ઓફ ૨૦૧૦)

આ કેસમાં અરજદાર અમદાવાદ જીલ્લાનાં ધંધૂકા તાલુકાનાં જવાબદાર નાગરીક હતા . અરજીનાં આધારે પ્રતિવાદીઓએ તળાવ પર કેટલાક બાંધકામ  કરવા માટેની પરવાનગી મેળવેલી અને બાંધકામ કરેલ માળખાઓનો ઉપયોગ રહેણાંક તેમજ વ્યાવસાયીક એમ બન્ને હેતુઓ માટે કરવામાં આવતો હતો. પ્રતિવાદીનું મંતવ્ય હતુ કે બાંધકામ એ તળાવની ઉપર નહી પરંતુ તેની આસપાસ કરવામાં આવેલુ હતુ., વધુમાં , બાંધકામ પહેલા જરૂરી પરવાનગીઓ પણ મેળવવામાં આવેલી.

કોર્ટ દ્વારા હકીકતોની નોંધ લેવામાં આવી કે કબજેદાર તળાવની આસપાસ કબજો ધરાવે છે , અને ઓથોરીટીને સ્પષ્ટ સૂચના આપવામાં આવી કે તળાવ સુધી અતિક્રમણ ના વિસ્તરે તે તેઓ સુદ્રઢ કરે, અરજીનો નિકાલ કરવામાં આવ્યો અને દ્રઢ કર્યુ કે આ કેસમાં કોઇ અતિક્રમણ હતુ નહી

## ARE THERE ANY JUDGEMENTS OF THE GUJARAT HIGH COURT ON PROTECTION OF THE COMMONS?

### i. Chaudhary Laxmanbhai Parthibhai v. State of Gujarat (W.P. (PIL) No. 155 of 2011):

The Public Interest Litigation was filed by villagers of Banskantha. The villagers claimed that the village *sarpanch* had illegally allowed for the transfer of some part of the *gauchar* land of the village for those people who had lost their lands because of the Mukteshwar Reservoir Project. The Court was of the opinion that the law allowed for the de-reservation of *gauchar* land in certain exceptional circumstances and that the permission of the Panchayat was only required when the land was village common lands and not for Government land. Thus, the Court dismissed the petition.

The Court also observed that the State needs to adhere to any policy which it makes with respect to gauchar land and that the policy should be both workable and practicable.

### ii. Rahimbhai Kalubhai v. State of Gujarat (W.P. (PIL) No. 10 of 2010):

The petitioner in this case was a concerned citizen from the Dhandhuka district of Ahmedabad. The petition was on account of the respondents having permitted the construction of certain structures on a *talav* (pond) which was being used for both residential and commercial purposes. The respondents were of the opinion that the constructions were along the periphery of the pond and not in the actual pond itself. Moreover, requisite permissions had also been taken before constructions were made.

The Court noted the fact that the occupiers were on the periphery and while giving the authorities strict instructions to ensure that the encroachment does not spread to the pond, dismissed the petition and held that there had been no encroachment in the present case.

# પંચાયત અને જવાબદાર નાગરિક શું પગલાઓ લઈ શકે ?



## પંચાયતો

- તેમનાં અધિકારક્ષેત્રમાં આવતી દરેક સામુદાયીક સંપતિનું વ્યવસ્થાપન કરવુ;
- સામુદાયીક સંપતિ પર કોઇ અતિક્રમણ નથી તે સુદ્રઢ કરવુ;
- અતિક્રમણનાં પ્રકારની તપાસ માટે સુનાવણી યોજવી;
- જો કોઇ અતિક્રમણ હોય, તો તાત્કાલીક ધોરણે દૂર કરવુ;
- ગેરકાયદેસર અતિક્રમણનું અયોગ્ય રીતે નિયમિતકરણ ન થાય તેની ખાત્રી કરવી.

## જવાબદાર નાગરિકો

- રાજ્યમાં સામુદાયીક સંપતીઓની સ્થિતી અને તેનાં પર લોકોનાં અધિકારો અંગે જાગૃત રહેવુ.
- કોઇ પણ જમીન પર થઇ રહેલ અતિક્રમણ અંગે સત્તાઓને જાગૃત કરીને સામુદાયીક સંપતીનાં વ્યવસ્થાપન માટે જવાબદાર બનાવી શકે.

# What action can the Panchayats and concerned citizens take?



## PANCHAYATS

- Should manage all the common property resources within their jurisdiction;
- Ensure that there are no encroachments of common property;
- Conduct hearings to enquire about the nature of encroachment;
- Provide for speedy eviction of illegal encroachers, if any;
- Ensure that no unfair regularisation of illegal occupation is permitted.

## CONCERNED CITIZENS

- Stay aware of overall status of commons and rights over common property in the state;
- Can make the authority responsible for managing the particular common property, aware of any encroachments on such land.



CENTRE FOR POLICY RESEARCH

NAMATI
INNOVATIONS IN LEGAL EMPOWERMENT